ગાંધીનગર સમાચાર
તા. ૧-૫-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### ...જય જય ગરવી ગુજરાત!

મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત, ગુજરાત મોરી મોરી રે! (ઉમાશંકર) દ્વિભાષી મુંબઈ રાજયના વિભાજનને પરિણામે અસ્તિત્વમાં આવેલાં મહારાષ્ટ્ર અને ગુજરાત - બેઉ પહેલી મે ના રોજ જન્મ દિવસ ઉજવે છે. આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ તરીકે ઊજવાતા આ દિવસે જ ગુજરાતના મૂક લોકસેવક પૂ. રવિશંકર મહારાજની નિશ્રામાં ગુજરાત રાજયની સ્થાપનો રૂડો પ્રસંગ યોજાયો હતો. અનેક ક્ષેત્રોમાં આદિકાળથી ગુજરાત 'નંબર-વન' જ રહ્યું છે. એમ ન હોત તો ભગવાન કૃષ્ણે મથુરાનું સામ્રાજય છોડીને દ્વારિકામાં વસવાનું ન જ વિચાર્યું હોત! રાજયના પ્રથમ કર્ણધાર તરીકે ડૉ. જીવરાજ મહેતા જેવા પ્રખર તબીબ અને મેધાવી રાજનીતિજ્ઞની નિમણૂક થઈ હતી. ડૉ. જીવરાજ મહેતાથી લઈ શ્રીમતિ આનંદીબેન મફતલાલ પટેલ સુધીના મુખ્યમંત્રીઓ ગુજરાતને હરદમ નવાં સોપાનો સર કરાવવા કૃતનિશ્ચય રહ્યા છે. દરેક મુખ્યમંત્રી સાથે કશુંક વિશિષ્ટ અને નોખું-અનોખું સૂત્ર જોડાયેલું છે. આનંદીબેન પટેલ 'ગતિશીલ ગુજરાત'નું સૂત્ર આપીને એમની ક્રિયેટીવિટી ઉપરાંત કર્મનિષ્ઠાનો પરિચય આપ્યો છે, અને રાજયનાં પહેલાં મહિલા મુખ્યમંત્રી બનવાનો વિક્રમ પણ સ્થાપ્યો છે. નારી શક્તિનાં પ્રભાવક પ્રતિનિધિ તરીકે પહેલાં મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતાનાં ધર્મપત્ની ડૉ. હંસાબહેન મહેતા વડોદરાની વિશ્વપ્રસિદ્ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનાં પ્રથમ ઉપકુલપતિ બન્યાં હતા. ગુજરાત દેશને દોરવણી આપનારું રાજય રહ્યું છે. એણે હેમચંદ્રાચાર્યથી લઈ નર્મદ-દલપતરામ અને ગોવર્ધનરામ ત્રિપાઠી જેવા મહાન સર્જકો આપ્યા છે, તો વળી આજથી હજારો વર્ષ પૂર્વે આખા દેશને ગુજરાતના સોલંકીયુગના સુવર્ણકાળનો પણ પરચો થયેલો છે. સિદ્ધરાજ જયસિંહે જૈનાચાર્ય હેમચંદ્રના વ્યાકરણગ્રંથને હાથીની અંબાડી પર આરૂઢ કરી નગરયાત્રા કરાવી હતી અને પોતે પગપાળા ચાલ્યા હતા. વિશ્વમાં ગ્રંથ સન્માનની આવી વિરલ ઘટના ગુજરાત સિવાય બીજે ભાગ્યે જ બની હશે. ગુજરાતની ગરિમાના ગાયક તરીકે ભટ્ટ પ્રેમાનંદે જયાં સુધી પોતાની ભાષાની પ્રતિષ્ઠા દેશની અન્ય ભાષાઓની લગોલગ ન જળવાય ત્યાં સુધી પાઘડી નહીં પહેરવાની પ્રતિજ્ઞા લીધી હતી. મહર્ષિ દયાનંદ સરસ્વતીએ સનાતન વૈદિક ધર્મમાં પ્રવેશેલી કુરૂઢિઓ અને કર્મકાંડ વિરુદ્ધ ઊહાપોહ જગવીને 'આર્યસમાજ'ની સ્થાપના કરી હતી અને માત્ર વેદોને જ આર્ષગ્રંથ ગણી એમની પુનઃપ્રતિષ્ઠાનું ભગીરથ કાર્ય પાર પાડ્યું હતું. મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલે દેશને ગુલામીમાંથી છોડાવવાના જંગનું કુશળ અને સફળ નેતૃત્વ સંભાળી એક નવા યુગનું નિર્માણ કર્યું હતું. દેશ પર અને દુનિયા પર ગુજરાતના ઘણા ઉપકાર છે. ગુજરાતના શાહ સોદાગરોએ સાગર ખેડીને દુનિયામાં ડંકો વગાડ્યો હતો. એ બધા ભવ્ય વારસાને આત્મસાત કરીને ગુજરાત નિત્ય નવાં પ્રગતિ શિખરો આંબતું રહ્યું છે. ગુજરાતની જીવાદોરી સમી નર્મદા યોજનાનું કામ એક યા બીજા કારણસર ઘણાં વર્ષો લગી ઘોંચમાં પડ્યું હતું તે પણ હવે પૂર્ણતાને આરે પહોંચ્યું છે અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના વીર સપૂત લોહપુરુષ સરદાર પટેલની ભવ્યાતિભવ્ય પ્રતિભા સરદાર સરોવર ખાતે સ્થાપિત કરવાનો ઐતિહાસિક નિર્ણય લઈને દુનિયાની આઠમી અજાયબી જેવી સૌથી ઊંચી પ્રતિમા સાથે 'ગુણવંતી ગુજરાત' ની ગરિમાને પણ નવો આયામ આપવાની રૂડી સંકલ્પના કરી હતી તે પણ નજીકના જ ભવિષ્યમાં સાકાર થશે ત્યારે એકી સાથે કેટકેટલાં દિવંગત આત્માઓનું તર્પમ થઈ જશે! પ્રેમાનંદ અને નર્મદથી લઈ ગોવર્ધનરામ અને કનૈયાલાલ મુનશી જેવા ગુજરાતની અસ્મિતાના ઉદ્‌ગાતાઓના જ નહીં, બલકે હેમચંદ્રાચાર્ય, સિદ્ધરાજ જયસિંહ અને નરસિંહ-મીરાં જેવી ઐતિહાસિક વિભૂતિઓની પણ વંદના થઈ જશે. ગુજરાતની સ્થાપના સાથે જ એણે દેશને આપેલા બે વડાપ્રધાનો - મોરારજી દેસાઈ અને નરેન્દ્રભાઈ મોદીનાં સ્વપ્નો સાકાર થતાં જોઈએ ત્યારે સ્વાભાવિક રીતે જ નર્મદની ભવિષ્યવાણી સાચી પડતી લાગે :

'ધ્વજ પ્રકાશશે ઝળળ કંસુબી
પ્રેમશોર્ય અંકિત
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને પ્રેમ ભક્તિની રીત
ઊંચી તુજ સુંદર જાત
જય જય ગરવી ગુજરાત!'

# શહેરની શાળાઓના પરિણામ

શહેરની અલગ-અલગ શાળાના સંત્રાંત પરીક્ષાના પરિણામ જાહેર થઈ ગયા છે. શાળાના ધોરણ ૧ થી ૧૧ ના પ્રથમ ત્રણ નંબર મેળવનાર વિદ્યાર્થીઓ નીચે મુજબ છે.

**● સેક્ટર-૮ સેંટ ઝેવિયર્સ સ્કૂલ ગાંધીનગર**

ક્રમ નામ

**● ધોરણ-૧-એ**
૧ જક્ષ પરાશર્ય
૨ આરવ પ્રજાપતિ
૩ રૂષિકા નાયક
૩ ધ્રુવી પટેલ
૩ જલા સૈયદ

**● ધોરણ-૧-બી**
૧ મંથન મોકરિયા
૨ યશ્વ પ્રજાપતિ
૩ રસા પટેલ

**● ધોરણ-૧-સી**
૧ તીર્થ કામદાર
૨ બંસરી સુથાર
૩ ભાર્ગવ પટેલ

**● ધોરણ-૨-એ**
૧ લક્ષરાજસિંહ ચૌહાણ
૧ શાર્વિ વ્યાસ
૨ આસ્થા મકવાણા
૨ જાન્હવી પંચાલ
૩ આર્ય પટેલ ૨

**● ધોરણ-૨-બી**
૧ મહર્ષિ ચૌહાણ
૨ આયુષ ગાંધી
૩ મન પટેલ

**● ધોરણ-૨-સી**
૧ રિષેફ ગોહિલ
૨ કૃતાર્થ રાઠોડ
૩ કલ્પ પટેલ

**● ધોરણ-૩-એ**
૧ શિવ પટેલ
૨ આંગી શાહ
૩ સુહાન પરમાર

**● ધોરણ-૩-બી**
૧ હાર્દ પટેલ
૧ જીલ અજીત
૨ અંશુમી ચૌધરી
૩ અશોક રાજવી

**● ધોરણ-૩-સી**
૧ કેના પરમાર
૨ ધ્રુવી શાહ
૩ મન પટેલ

**● ધોરણ-૪-એ**
૧ કવિત ટીમ્બાડીયા
૨ જશ્વી અમિન
૩ નિસર્ગ પંડ્યા

**● ધોરણ-૪-બી**
૧ ધ્રુવ પટેલ
૨ ધ્વની કાછિયા
૨ મૈત્રી પારેખ
૩ હરિધ્યા ત્રિવેદી

**● ધોરણ-૪-સી**
૧ પૃથ્વી વાઘેશ્વરી
૨ દિયા પંડ્યા
૩ રાજ ગાંધી

**● ધોરપણ-૫-એ**
૧ હેત્વી મહેતા
૨ ક્ષિતિજ ઓઝા
૩ આસ્કા પઢિયાર

**● ધોરણ-૫-બી**
૧ નિધિ પિલ્લાઈ
૨ આમોદ મેમન
૩ પરિ ચૌહાણ

**● ધોરણ-૫-સી**
૧ જય દવે
૨ ક્રિશ પટેલ
૩ પ્રાથ આસોડિયા

**● ધોરણ-૬-એ**
૧ હિરવા પટેલ
૨ અર્ચના નાયર
૩ વંશ દોશી

**● ધોરણ -૬-બી**
૧ શિવાલી પ્રધાન
૨ શુભમ માંડલિયા
૩ સંજીવીતા સેનગુપ્તા

**● ધોરણ-૬-સી**
૧ વિધિ ત્રિવેદી
૨ દિપ પટેલ
૩ સાર્થક પટેલ

**● ધોરણ-૭-એ**
૧ નીલ મહેતા
૨ આકાશ ભંડારી
૩ સિદ્ધ એન્જીનિયર

**● ૭-બી**
૧ કૃપા ઠક્કર
૨ ઓમ પટેલ
૩ કેયા નાયક

**● ધોરણ-૭-સી**
૧ વેદાંત પટેલ
૨ તીર્થ રાવલ
૨ આદિત્ય જોશી
૩ ધારા વાણિયા

**● ધોરણ-૮-એ**
૧ નિનાદ ઠક્કર
૨ રિદ્ધિ પટેલ
૩ ગૌતમી પંડ્યા

**● ધોરણ-૮-બી**
૧ માધવ ઠાકર
૨ કાવ્યા પટેલ
૩ મહેક ચૌહાણ

**● ધોરણ-૮-સી**
૧ પંક્તિ પ્રજાપતિ
૨ રિયા ગાંધી
૩ કનિશ્ક પટેલ

**● ધોરણ-૯-એ**
૧ મિશેલ રેહા
૨ અક્ષજ શાહ
૩ કેના પટેલ

**● ધોરણ-૯-બી**
૧ જીનેશ પટેલ
૨ પ્રિયંક મિસ્ત્રી
૩ દિશા બોરિચા

**● ધોરણ-૯-સી**
૧ ધ્વનિ શાહ
૨ નિશાંત શર્મા
૩ પૂજન મહેતા

**● ધોરણ-૯-ડી**
૧ અંશુ જોશી
૨ પૂર્ણા ભટ્ટ
૨ દિશા રાઠોડ
૩ અભિષેક વ્યાસ

**● ધોરણ-૧૧-ડી**
૧ બ્રિન્દા ભટ્ટ
૨ નેન્શી ઠક્કર
૩ માધવરાજ રાજપૂત

**● શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય**

**● ધોરણ-૧-એ**
૧ ઝલક તબિયાડ
૨ આર્યન સુથાર
૩ ફોરમ રાવલ

**● ધોરણ-૧-બી**
૧ નેન્સી પટેલ
૨ ગોપી ડોડિયા
૩ ઉર્મિત વસાવા

**● ધોરણ-૧-સી**
૧ યાત્રી દરજી
૨ શ્રેયા વાઘેલા
૩ આસ્થા સથવારા

**● ધોરણ-૨-એ**
૧ ચિરાયુ મોદ
૨ માનલ દેસાઈ
૩ ખુશી કાપડીયા

**● ધોરણ-૨-બી**
૧ દૃષ્ટિ રાજવંશી
૨ રીયા ભટ્ટ
૩ મિહીર પારેખ

**● ધોરણ-૨-સી**
૧ એલિસા પટણી
૨ અષ્કા રાઠોડ
૩ મંથન લાડુમોર

**● ધોરણ-૩-એ**
૧ પાયલ પુરોહિત
૨ શ્રીજા ચૌધરી
૩ દેવરાજ ઠાકોર

**● ધોરણ-૩-બી**
૧ તીર્થ પરમાર
૨ પ્રિન્સી ચાવડા
૩ હિમાલય પરમાર

**● ધોરણ-૩-સી**
૧ સ્મિતકુમાર પટેલ
૨ રૂત્વા ચૌધરી
૩ અભિ સિંધવ

**● ધોરણ-૪-એ**
૧ હંસરાજ ચૌહાણ
૨ નંદીની પોરબંદરી
૩ પાર્થ ચાવડા

**● ધોરણ-૪-બી**
૧ પ્રિયાંશી પટેલ
૨ દર્શન ચૌહાણ
૩ ખુશી પંડ્યા

**● ધોરણ-૪-સી**
૧ પ્રિયાંશુ પનારા
૨ મેઘલ વાઘેલા
૩ ધ્રુવી સુથાર

**● ધોરણ-૫-એ**
૧ મેશ્વાબા ઝાલા
૨ વાણી જોષી
૩ ગૌતમ વણઝારા

**● ધોરણ-૫-બી**
૧ કરન સૌલંકી
૨ દેવાંશી રાવલ
૩ આશ્વી ચૌધરી

**● ધોરણ-૫-સી**
૧ પૂર્વી લાડુમોર
૨ ખુશી રાવળ
૩ સ્નેહા પારેખ

**● ધોરણ-૬-એ**
૧ શ્રેયા રાવલ
૨ કમળા પટેલ
૩ શૈલી ચૌધરી

**● ધોરણ-૬-બી**
૧ સાલેહા શેખ
૨ ધર્મેશ પ્રજાપતિ
૩ દર્પિતા પ્રજાપતિ

**● ધોરણ-૬-સી**
૧ રીતુબેન પ્રજાપતિ
૨ જવલંત ચૌધરી
૩ દેવાંશા ચૌધરી

**● ધોરણ-૭-એ**
૧ અદિતી ભાવસાર
૨ નિધી ચૌધરી
૩ જય દેસાઈ

**● ધોરણ-૭-બી**
૧ પ્રિયાંસુ ઠાકર
૨ મેઘા પારેખ
૩ જિજ્ઞાબેન ચૌધરી

**● ધોરણ-૭-સી**
૧ શિવાનીબેન ચૌધરી
૨ ચાર્મીબેન પટેલ
૩ મૌલિક રાઠોડ

**● ધોરણ-૮-એ**
૧ મૈત્રી શુકલ
૨ કુસુમ ઠાકોર
૩ યુક્તા સુથાર

**● ધોરણ-૮-બી**
૧ શિવમ પ્રજાપતિ
૨ રીન્કલબેન ચૌધરી
૩ પ્રિયાંશુકુમાર પટેલ

**● ધોરણ-૮-સી**
૧ રાજર્ષિ પનારા
૨ ઈશિતા બારોટ
૩ તૃષા પટેલ

**● ધોરણ-૮-ડી**
૧ હેતવી પ્રજાપતિ
૨ નિધી ચૌધરી
૩ જીનલ નાયી

**● ધોરણ-૯-એ**
૧ માહી પરમાર
૨ રોશની રાજપૂત
૩ દૃષ્ટિ ચૌધરી

**● ધોરણ-૯-બી**
૧ નિધિ પટેલ
૨ નિસા ચૌધરી
૩ ગીતા ચૌધરી

**● ધોરણ-૯-સી**
૧ ધ્વનિ પટેલ
૨ શ્રદ્ધા ચૌધરી
૩ સૃષ્ટિ ભાટિયા

**● ધોરણ-૯-ડી**
૧ દૃષ્ટિ ચૌધરી
૨ ક્યાતિ ઢાલાણી
૩ વિધિ દેસાઈ


**● ધોરણ-૧૧-એ**
૧ જ્યોતિ વાઘેલા
૨ રમીલા ચૌધરી
૩ નયના ચૌધરી

**● ધોરણ-૧૧-બી**
૧ રિદ્ધિ વાઘેલા
૨ મેઘના પરમાર
૩ પ્રિયંકા ચૌધરી

**● શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ**

| | | |
|---|---|---|
| ૧ | યજુર્વા પ્રિયદર્શી | ૯-એ |
| ૨ | ગૌરવ પટેલ | ૯-એ |
| ૩ | નિર્ભય જોષી | ૯-એ |
| ૪ | નિસર્ગ જોષી | ૯-જી |
| ૫ | કૃતાર્થ પટેલ | ૯-બી |
| ૬ | મંથન મહેરિયા | ૯-એ |
| ૭ | ચીરાગ ચૌહા | ૯-એ |
| ૮ | આયુષ પટેલ | ૯-એ |
| ૯ | મિથિલેશ ઠક્કર | ૯-સી |
| ૧૦ | હર્ષ ચૌધરી | ૯-ડી |

## હરિની દૃષ્ટિ...




અત્યાર સુધી તો તમે શાંતિથી કામ કરતા હતા... ગરમીને કારણે તો હડતાલ નથી પાડીને.. !?!

## ગુજકેટના વધારાના વર્ગો યોજાયો

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે ગુજકેટના વધારાના તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. આગામી ૭ મેના રોજ ગુજકેટની પરીક્ષા યોજાશે. આર.જી.પટેલ કન્યા માધ્યમિક અને એસ.બી. પટેલ કન્યા ઉચ્ચત્તર માધ્યમિક શાળાની વિદ્યાર્થીઓ જલવંત સફળતા મેળવે તે માટે દસ દિવસીય વેકેશનમાં વધારાના વર્ગો યોજવામાં આવ્યા હતા. તા. ૨૧ થી ૩૦ એપ્રિલ દરમિયાન યોજાયેલ વર્ગોમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાઈ હતી. વધારાના વર્ગોમાં આચાર્યા સુધાબેન પટેલ સહિતના શિક્ષકો જોડાયા હતા.

## અનુસૂચિત જાતિ એકતા મંચનો કાર્યક્રમ યોજાશે

અનુસૂચિત જાતિ એકતા મંચ દ્વારા ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી નિમિત્તે તા. ૨-૫-૨૦૧૫, શનિવારે સાંજે ૫.૦૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, ગાંધીનગર ખાતે યોજાશે. પ્રતિભા સંપન્ન સામાજીક ચળવળકાર શ્રી ડૉ. નીતિન ગુર્જર, શ્રી શ્યામલાલ દોહરે પ્રમુખ બુદ્ધવિહાર નિર્માણ સમિતિ તથા હરીશ રાઠોડ છૂટા હાથે બાઈક ચલાવવાનો ગ્રીનીસ બુક ઓફ વર્લ્ડ રિકોર્ડ વિજેતાનો સન્માન સમારોહ રાખેલ છે. જેમાં મુખ્ય મહેમાન રમેશચંદ પરમાર સામાજીક ચળવળકાર, મહેન્દ્રભાઈ સોલંકી વિશિષ્ઠ કાર્યકર બામસેફ, દિનેશભાઈ સોલંકી પ્રમુખ મૂલનિવાસી સંઘ ગુજરાત પધારશે.

# મૌસમ છલકે... છ દાયકાની... જિંદગી કા ગીત હો તુમ, ગીત કા અંદાજ હમ...

## ધીરે ધીરે સે મેરી જીંદગી મેં આના, ધીરે ધીરે મેરે દિલ કો ચૂરાના... 'સંસ્કૃતિ' દ્વારા બોલીવુડના ગોલ્ડન એરાના બ્લોક બસ્ટર ગીતો મઢી સાંજના

## કાર્યક્રમમાં મુકેશ - લતા - રફી - આશા - કિશોર - હેમંતદા - મન્નાડે - શેલેન્દ્રથી લઇ છેક હિમેશ અને અરિજીત સિંગના વૈવિધ્યસભર ગીતો પ્રસ્તુત થયા

હિન્દી ફિલ્મી ગીતોની છ દાયકાની સફર એટલે જીવનને તરબતર કરવાની વાત... સબ કુછ સીખા હમનેં ન સિખી હોંશિયારી... કહી દીપ જલે કહીં દીલ... ચલો ઈકબાર ફિરસે હમનેં ન અજનબી બન જાયેં હમ દોંનો... ચાહુંગા મૈં તુમ્હે સાંજ સવેરે... બહારો ફૂલ બરસાઓ મેરા મહેબુબ આયા હૈં... ચલતે ચલતે યું હી કોઈ મિલ ગયા થા... નીલે ગગન કે તલે ધરતી કા પ્યાર પલે... યુંહી તુમ મુજસે બાત કરતી હો... જુઠ બોલે કૌંઆ કાટે... જિંદગી કે સફર મેં રાહી મીલતે હૈ બિછડ જાને કોં... શિશા હોયા દિલ હો આખીર તૂટ જાતા હૈ... હાય હાય યે મજબૂરી યે મૌસમ ઔર યે દૂરી... મેરા જીવન કોરા કાગજ કોરા હી રહ ગયા... ગોરી તેરા ગાંવ બડા પ્યારા... ઓ સાથી રે તેરે બીના ભી કયાં જીના... આપ જૈસા કોઈ મેરી જિંદગી મેં આયે... પગ ઘુંઘરું બાંધ મીરાં નાંચી રે... કબુતર જા જા... ચોલી કે પીછે કયા હૈ... યે કાલી કાલી આંખે.... પરદેશી પરદેશી જાના નહીં.. બધાં ગીતો એક સાથે યાદ આવતા જાય...


છ દાયકાના ગીતોને ત્રણ કલાકના કાર્યક્રમમાં સમાવવા એટલે ગોરધન થાળની ૬૦૦ રૂપિયાની થાળી જમવા જેવી વાત... 'સંસ્કૃતિ' સંસ્થા નવા વર્ષના પ્રથમ કાર્યક્રમમાં હિન્દી ફિલ્મી ગીતોના બ્લોક બસ્ટર કલેકશન સાતે ઓપનીંગ કર્યું... આમ તો એક એક દાયકાના ચાર ગીતો પકડો તો કાર્યક્રમ સજાવાય, એટલે પસંદગી કરવી ખરેખર અઘરી જ પડે, પણ છતાંય એમનો પ્રયત્ન સરસ રહ્યો... આજે નેપાળ ખાતે ભૂકંપ આવ્યો અને એમાં માર્યા ગયેલાંને શાબ્દિક શ્રદ્ધાંજલિ સાથે વક્રતુંડ મહાકાય ગણેશજીને શિશ ઝુકાવી ગીત-સંગીતની આ સુહાની શામના ગીતો શરુ થયાં... ૧૯૫૨માં આવેલી 'બૈજુ બાવરા' ફિલ્મના લગાના ગીત 'મોહે ભૂલ ગયેં સાવરિયાં, આવન કહે ગયે અજુહુ ના આયે' શકીલનું ગીત અને નૌશાદના સંગીત સાથે લોકપ્રિય ગીતથી શરુઆત જામી ગઈ... શકીલ-નૌશાદનું બીજું રફીએ ગાયેલું 'દુલારી' ફિલ્મનું ગીત 'સુહાની રાત ઢલ ચૂકી ના જાને તુમ કબ આઓગે...' ૬૦ના દાયકાના ગીતોનો દોર ચાલ્યો...

૧૯૬૦માં આવેલી 'દિલ અપના ઔર પ્રિત પરાઈ' ફિલ્મનું લતાનું ગાયેલું શૈલેન્દ્ર - શંકર જયકિશનની રચના 'દિલ અપના ઔર પ્રિત પરાઈ કિસને હૈ યે રીત બનાઈ' ગીતની પહેલાં ૧૯૬૧માં આવેલી 'ઝૂમરું' ફિલ્મનું ગીત 'કોઈ હમદમ ન રહા, કોઈ સહારા ન રહા, હમ કિસી કે ન રહે, કોઈ હમારા ન રહા' કિશોર કુમારનું ગાયેલું અને સંગીતથી મઢેલું ગીત બધાંને ગમી ગયું...

૧૯૫૩માં આવેલી 'આહ'નું મુકેશે ગાયેલું ગીત 'છોટીસી યહ જિંદગાની રે, ચાર દિન કી જવાની તેરી હાય રે હાય ગમ કી કહાની તેરી' શંકર-જયકિશન અને શૈલેન્દ્રની જોડીની કમાલ અને આ ગીતમાં મુકેશ-રાજકપુર એક સાથે પરદા પર દેખાયા હતા... ૧૯૬૨માં સુપર ડુપર 'હરિયાલી ઔર રાસ્તા' ફિલ્મનું 'લાખોં તારેં આસમાનમેં એક મગર ઢૂંઢે ન મિલા' મુકેશનો દર્દ ભર્યો અવાજ હસરત જયપુરીના શબ્દો અને શંકર-જયકિશનની બેલડી મસ્ત ગીત...

૧૯૫૯માં આવેલી 'સદ્ર' ફિલ્મનું લતા - હેમંતકુમારનું ગીત 'તુમ્હે યાદ હોંગા કભી હમ મિલે થે, મોહબ્બત કી રાહોં મેં મિલકે ચલે થે' ગુલશન બાવરાનાં શબ્દો અને કલ્યાણજી - આનંદજીનું સંગીત એવરગ્રીન ગીત.. ૧૯૬૦માં રજૂ થયેલી 'બરસાત કી રાત' ફિલ્મનું ટાઈટલ સોંગ 'જિંદગીભર નહીં ભૂલેગી વો બરસાત કી રાત,એક અંજાન હસીના મે મુલાકાત કી રાત' રફીનો અવાજ અને સાહિર - રોશનનું સર્જન... મસ્ત ગીત મસ્ત રજુઆત...

૧૯૬૪માં આવેલી 'કશ્મીર કી કલી' ફિલ્મનું રફી-આશાનું ગીત 'દિવાના હુઆ બાદલ, સાવન કી ઘટા છાઈ, યે દેખ કે દિલ ઝુમા લી પ્યાર ને અંગડાઈ' એસ. એચ. બિહારી ગીતકાર અને ઓ.પી. નૈય્યર સંગીતકાર વાહ મજેદાર ગીત... ૧૯૬૫માં ફિલ્મ 'પૂર્ણિમા' ગુલજારની રચના અને કલ્યાણજી - આણંદજીનું સંગીત લતા-મુકેશનું મોજીલું ગીત 'હમસફર મેરે હમસફર, પંખ તુજ પરવાજ હમ, જિંદગી કા સાજ હો તુમ, સાજ કી આવાજ હમ' વન્સમોરની તાળીઓ પડાવી ગયું...




ઉઘડતે પડદે
સંજય થોરાત
hellogandhinagar@gmail.com

૧૯૬૭ની ફિલ્મ 'દિલ ને પુકારા' નું મુકેશે ગાયેલું 'વક્ત કરના જો વફા, આપ હમારેં હોતે, હમ ભી ઓરોં કી તરફ આપ કો પ્યારે હોતે' ગીતકાર ઈંદીવર અને સંગીતકાર કલ્યાણજી-આણંદજી... ૧૯૬૦ની 'કોહિનુર' ફિલ્મનું શાસ્ત્રીય સંગીતથી મઢેલું શકીલ ગીતકાર અને નૌશાદ સંગીતકાર 'મધુબન મેં રાધીકા નાચી રે, ગિરધર કી મુરલીયા બાજે રે' રફીનું આ એવરગ્રીન ગીત એક યુવાન સોનીક સુથારે ગાયું, આ ગીત પર સતત તાળીઓ વાગતી રહી અને સ્ટેજ પર આ ગીત માટે તબલાં ગાંધીનગરના જ યુવાન તબચલી બલ્લુ એ જોરદાર સંગત આપી...

૧૯૭૧માં આવેલી 'આનંદ' ફિલ્મનું મન્નાડે એ ગાયેલું 'જિંદગી કૈસી યે પહેલી હાયેં, કભી તો હસાયેં કભી યહ રૂલાએં' ગીતકાર યોગેશ અને સંગીતકાર સલિલ ચૌધરી, ગીત જામી ગયું... ૧૯૫૫ની રાજકપૂરની 'શ્રી ૪૨૦' નું લતા- મન્નાડેએ ગાયેલું 'પ્યાર હુઆ ઈકરાર હુઆ હૈ, પ્યાર સે ફીર કયું ડરતા હૈ દિલ...' ૧૯૬૧ની 'હમ દોનોં' ફિલ્મનું આશા-રફીનું ગીત 'અભી ના જાઓ છોડકર કે દિલ અભી ભરા નહીં, અભિ અભી તો આઈ હો, બહાર બનકે છાઈ હો' જયદેવના સંગીતનું ગીત સાથે મધ્યાંતર થઈ ગયો...

૧૯૭૧ની ફઈલ્મ 'જલ બીન મછળી, નૃત્ય બીન બિજલી' નું મુકેશે ગાયેલું ગીત 'તારોં મે સજકે, અપને સુરજ સે દેખો ધરતી ચલી મિલને' લક્ષ્મી-પ્યારેનું સંગીત જોરદાર... ૧૯૯૧માં આવેલી 'લમ્હે' નું ગીત 'મોરની બાગામાં બોલે આધી રાતમાં, છનન છન ચુડિયાં ખનક ગઈ દેખ સાહિબા'માં લતા-ઈલા અરૂણનો ડબલ વોઈસમાં યંગ આર્ટિસ્ટ ડિમ્પલ પંચોલીએ મસ્ત પરફોર્મ કર્યું... આ ગીતમાં ઢોલક - ઓકટોપેડ જબરજસ્ત રંગત જમાવી...

૧૯૭૩ની 'બોબી' અને શૈલેન્દ્રસિંહે ગાયેલું 'મેં શાયર તો નહીં, મગર એ હસી, જબસે દેખા મૈંને તૂજ કો, મુજ કો શાયરી આ ગઈ' ગીત આ




કાર્યક્રમમાં સુંદર રીતે એન્કરીંગ કરતાં ભૂમિજ ત્રિવેદી ગાઈને વન્સમોર મેળવી લીધો.. ૧૯૭૩ની જ બીજી એક ફિલ્મ 'આ ગલે લગ જા' નું લતા-કિશોરનું ગીત 'વાદા કરો નહીં છોડેગી તુમ મેરા સાથ, જહાં તુમ હો વહાં મૈં ભી હું' આર.ડી. બર્મનના સંગીતનું ગીત સરસ રહ્યું...

૧૯૮૦માં આવેલી 'કર્જ'નું રફીનું ગાયેલું 'દર્દ એ દિલ, દર્દ એ જીગર, દિલ મેં જગાયા આપને' આનંદ બક્ષી ગીતકાર અને લક્ષ્મી-પ્યારે સંગીતકાર... ૧૯૭૪માં 'હાથ કી સફાઈ'નું લતા - રફીનું ગીત 'વાદા કરલે સાજના, તેરે બીના મેં ના રહૂ મેરે બીન તું ના રહે હોં કે જુદા....' બંને ગીતો એની લોકપ્રિયતાને લઈ આજેય માણવા ગમે એવાં બની રહ્યાં...

મુકેશનું ગાયેલું ગુજરાતી ગીત 'પંખીડાને આ પિંજરુ જુનું જુનું લાગે, બહુએ સમજાવ્યું તોયે પંખી નવું પિંજરુ માંગે' અને મુકેશ એનો અંતિમ શ્વાસ લીધો એના આગલા દિવસે જ ગાયેલું ગીત 'આવો રે, આવો રે ઓ ચિતડું ચોરી જાનારાં, મને મોતના વાગે ભણકારા' બંને ગીતો વોઈસ ઓફ મુકેશ એવાં પૂર્વ અમદાવાદના મેયર અસિત વોરાએ ભાવવાહી ગાઈ બતાવ્યાં. આજના કાર્યક્રમનું સજજડ પાસુ એટલે ઓરકેષ્ટ્રા, સુંદર નોટેશન્સ સાથે શૈલેષ ઠાકર મનમોહી ગયો, રિધમમાં બલ્લુ, સંદિપ સાઠમ અને આલોક મોજીત્રા સુંદર સંગત જમાવી તો સંગીત સંચાલક પંકજ પાઠકની મહેનત દેખાઈ આવે એવી રહી...

ગાયકોમાં અસિત વોરા - મુકેશ, નીરજ પાઠક - હેમંત - મન્નાડે - કિશોર, શંશાક શુક્લ - રફી, નિલુ દવે - લતા-આશા, ડિમ્પલ પંચોલી - લતા, ભૂમિજ ત્રિવેદી - શૈલેન્દ્રસિંગ - ઉદીત - કિશોર અને સોનિક સુથાર - નવા સિંગર માટે... દરેકની પોતપોતાની ગાયકી હતી છતાંય સોનીકનો અવાજ 'મધુબન' માટે બાલિશ લાગ્યો... ડિમ્પલ નવાં ગીતો સારાં ગાઈ શકે... નિલુ દવે એ તો હવે સમજીને નિવૃત્ત થઈ જવું જોઈએ... શશાંક પાસે મહેન્દ્ર કપૂરના ગીત કેમ ન ગવડાવ્યાં? આશ્ચર્ય થયું... નિરજ પાઠક ખૂબ સરસ ગાયક છે, પણ આજે બહુ જામ્યો નહીં...

આશિકીનું 'ધીરે ધીરે સે મેરી જિંદગી મેં આના' ગીત બાદ કરતાં છેલ્લાં દસકાના ગીતો માત્ર પતાવવા ખાતર જ ગવાયા એવું લાગ્યું, એટલે એનો અહિં ઉલ્લેખ પણ નથી કર્યો.. પ્રોગ્રામ એના ટાઈટલ પ્રમાણે નહીં પણ ગાયકોની ચોઈસના ગીતોથી મઢ્યો હોય એવી અસર વર્તાઈ... બધું જ સારું હોવા છતાંય, એન્કર ભૂમિજ ત્રિવેદીની મહેનત છતાંય, કાર્યક્રમ પાસેથી જે અપેક્ષા હતી એવું કેમ ન આવ્યું? એ પ્રશ્ન સતાવતો રહ્યો... સંસ્કૃતિના પ્રમુક રમેશ પટેલ અને મનોજ શુકલ એક સાથે આટલાં કલાકારને સ્ટેજ પર લાવવાં માટે અભિનંદનને પાત્ર છે, પણ દશકા ઘટાડી ગીતોની પસંદગી થઈ હોત તો આજ કલાકારો અવિસ્મરણીય કાર્યક્રમ આપી શકયાં હોત!!